ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

જીલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓના શ્રીગણેશ થયા

કાલોલ એમ.એમ.ગાંધી કોલેજ ખાતે ફરજ પરના પોલીસ અને હોમગાર્ડ જવાનો એ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

(પ્રતિનિધિ) કાલોલ, તા.20

આગામી દિવસોમાં યોજાનારી જીલ્લા તેમજ તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૨૬ ચૂંટણીના ફરજમાં રોકાયેલા પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડ જવાનો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા પોસ્ટલ બેલેટની ખાસ સુવિધા ઊભી કરાઈ છે. જે અંતર્ગત કાલોલની એમ.એમ.ગાંધી કોલેજ ખાતે આજરોજ પોસ્ટલ બેલેટથી મતદાનનો પ્રારંભ કરાયો હતો જ્યાં કાલોલ તાલુકામાં આગામી દિવસોમાં યોજાનારી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં કામગીરીમાં જોડાયેલા પોલીસ અને હોમગાર્ડના જવાનો માટે કાલોલ એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ડો.એમ.કે.ડોડીયા ચુંટણી અધિકારી કાલોલ જીલ્લા પંચાયત મતદાર વિભાગ નાયબ કલેકટર (સ્ટેમ્પ ડયુટી) પંચમહાલ અને વિકાસ એ પટેલ ચુંટણી અધિકારી કાલોલ તાલુકા પંચાયત અને મામલતદાર કાલોલ દ્વારા ફેસિલિટેશન સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે. જ્યાં નિમાયેલા સરકારી અધિકારીની હાજરીમાં જવાનોએ ગુપ્ત રીતે મતદાન કર્યું હતું. વહેલી સવારથી જ જવાનો મતદાન માટે ઉમટી પડ્યા હતા અને લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાયદો અને વ્યવસ્થા જાળવવા ખડેપગે રહેતા પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડ જવાનો મતદાનથી વંચિત ન રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી હતી અને ફોર્મ ભરીને આવેલા તમામ જવાનો અહીં પોસ્ટલ બેલેટથી મત આપવા લાઈનબંધ ગોઠવાઈ ગયા હતા જ્યાં મતદાન કર્યા બાદ તમામ બેલેટ પેપર સીલબંધ કવરમાં સુરક્ષિત રાખી મતગણતરીના દિવસે ખોલવામાં આવશે.

લીમખેડાના ચીલાકોટા ગામે ખેતરના કુવામાંથી યુવકનો મૃતદેહ મળી

લીમખેડા : લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે એક ખેતરમાં આવેલા નવા ખોદાતા કુવામાંથી આશરે ૩૦થી ૩૫ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી ઓળખ માટેની તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ચીલાકોટાના ચુનાખાણ ફળીયા ખાતે કાલુભાઈ પરમારના ખેતરમાં નવો કુવો ખોદવાનું કામ ચાલી રહ્યું હતું. સવારના સમયે ગામના બાળકો ઢોર ચરાવવા નીકળ્યા હતા, ત્યારે તેમને કુવામાં કંઈક અજુગતું દેખાયું હતું. તેમણે ગ્રામજનોને જાણ કરતા, ગ્રામજનોએ સ્થળ પર જઈને જોતા કુવામાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ તરતો હોવાનું માલૂમ પડ્યું. ઘટનાની જાણ થતા જ લીમખેડા પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ. 87 હજારનો મુદ્દામાલ કબજે કર્યો

ગોધરામાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરનારા ત્રણ શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ) ગોધરા, તા.20

ગોધરાના દેવ તલાવડી વિસ્તાર નજીક જાહેર માર્ગ પર ગેરકાયદેસર રીતે રિક્ષાઓમાં ગેસ રિફિલિંગ કરવાનું કૌભાંડ પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસે દરોડો પાડીને ઘટના સ્થળેથી ત્રણ ઈસમોની ધરપકડ કરી છે અને રાંધણ ગેસના સિલિન્ડર તેમજ રિક્ષાઓ સહિત કુલ રૂ. ૮૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે દેવ તલાવડી પાસે તપાસ કરતા કેટલાક શખ્સો પોતાની બે ઓટો રિક્ષાઓમાં અનધિકૃત રીતે રાંધણ ગેસ ભરી રહ્યા હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે સ્થળ પરથી રૂ. ૧૨,૫૦૦ની કિંમતના ૮ જેટલા રાંધણ

ગેસના મોટા સિલિન્ડર, ગેસ રિફિલિંગ માટે વપરાતી પિત્તળની પાઇપ તેમજ બે ઓટો રિક્ષા (GJ-07-VW-3714 અને GJ-06-AY-5624) મળીને કુલ ૮૭,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઝડપાયેલા આરોપીઓની ઓળખ ઓમપ્રકાશ ઈશ્વરલાલ તારાણી (રહે. હરિયાલી નગર, ભુરાવાવ), મુકેશકુમાર ટીનુભાઈ સોલંકી (રહે. પંચવટી આવાસ સોસાયટી, ભુરાવાવ) અને મહંમદ આરીફ યાકુબ સદામસ (રહે. ચુચલા પ્લોટ, શેખ મજાવર રોડ, ગોધરા) તરીકે થઈ છે. આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગોધરા ટાઉન બી-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કાળઝાળ ગરમીમાં વિદ્યાર્થીઓ બફાયા

ગોધરાના અંદરના મુવાડા પ્રાથમિક શાળામાં અજાણ્યા ઈસમે વીજ કનેક્શન કાપ્યું

ચૂંટણી બૂથ ઘરાવતી શાળામાં અજાણ્યા શખ્સે વીજળી ગુલ કરતા હાલાકી

(પ્રતિનિધિ) ગોધરા, તા.20

ગોધરા તાલુકાના પઢિયાર ગામના અંદરના મુવાડા પ્રાથમિક શાળામાં ગત ૧૮મી એપ્રિલના રોજ કોઈ અજાણ્યા શખ્સે ગેરકાયદેસર રીતે વીજ કનેક્શન કાપી નાખતા કાળઝાળ ગરમીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, એક અજાણ્યો ઈસમ શાળામાં આવીને પોતાને એમ.જી.વી.સી.એલનો કર્મચારી ગણાવી જૂના મીટરની

જગ્યાએ સ્માર્ટ મીટર લગાવવાની વાત કરતો હતો. જોકે, શાળાના આચાર્યએ તેની પાસે ઓળખપત્ર માંગતા તે આપી શક્યો ન હતો અને ત્યાંથી જતો રહ્યો હતો. ત્યારબાદ, સાંજના સમયે ફરી આવીને તેણે શાળાનો વીજ પુરવઠો કાપી નાખ્યો હતો.જેના પરિણામે, સોમવારે લાઈટ અને પંખા વિના વિદ્યાર્થીઓ ગરમીમાં શેકાયા હતા. અભ્યાસની સાથે મધ્યાહન ભોજન બનાવવામાં પણ મુશ્કેલી પડી હતી. વધુમાં, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આ શાળાને બૂથ તરીકે ફાળવવામાં આવી હોવાથી, નિરીક્ષણ માટે આવતા ચૂંટણી અધિકારીઓ પણ મુલાકાત માટે આવતા હોય છે.

શાળાનું વીજ બિલ નિયમિત ભરેલું હોવા છતાં આ ઘટના બનતા, આચાર્યએ કાંકણપુર સબ ડિવિઝનના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી કડક કાર્યવાહીની માંગ કરી હતી.

ઘોઘંબા છાપરી ગામ પાસેનો બનાવ

હાલોલ હાઈવે પર ટ્રેક્ટર-બાઈક અકસ્માતમાં યુવકનું મૃત્યુ, બે ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) હાલોલ, તા.20

ભુપેન્દ્રભાઈ અમરતભાઈ વણઝારા પોતાની પત્નિ રાધાબેન અને પુત્ર માહિર સાથે બાઈક પર રાણીપુરાથી વડોદરા જઈ રહ્યા હતા. તે દરમિયાન હાલોલ હાઈવે પર છાપરી બસ સ્ટેન્ડ નજીક એક વાદળી રંગના ટ્રેક્ટરે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ભુપેન્દ્રભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમને ઘોઘંબા સરકારી દવાખાનું ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેમની પત્નિ રાધાબેન અને પુત્ર માહિરને ઈજાઓ થતાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.ફરીયાદ મુજબ, ટ્રેક્ટરના ચાલકે ગફલતભરી રીતે વાહન

હંકારતા અકસ્માત સર્જ્યો હતો અને બાદમાં ટ્રેક્ટર સ્થળ પર મુકીને ફરાર થઈ ગયો હતો.આ મામલે મૃતકના ભાઈ વિનોદભાઈ કિશોરભાઈ વણઝારાએ રાજગઢ પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપી ટ્રેક્ટર ચાલકને ઝડપી પાડવા તેમજ સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

હાલોલના ચંદ્રપુર ચોકડી નજીકથી કારમાં લઈ જવાતો રૂ.22 લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.20

હાલોલ ટાઉન પોલીસે બાતમીના આધારે આજે સોમવારે સવારે એક મોટી સફળતા મેળવી છે.હાલોલના ચંદ્રપુરા ચોકડી પાસેથી પસાર થતી રાજસ્થાનની ખાનગી ટ્રાવેલ્સમાંથી પોલીસે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરીમાં પોલીસે ટ્રાવેલ્સ સહિત કુલ રૂ.22,08,920/- નો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે.

પંચમહાલ જિલ્લા પોલીસ વડાની ચુચના મુજબ પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા આપેલી સૂચનાઅને લઈને ,હાલોલ ડીવાયએસપી વી.જે. રાઠોડ અને ટાઉન પીઆઈ આર.કે. દેસાઈના માર્ગદર્શન હેઠળ હાલોલ સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હતી.

તે દરમિયાન બાતમી મળી હતી કે, રાજસ્થાનથી નીકળી ગોધરા-વડોદરા થઈ ચિખલી તરફ જતી એસ.આર. ટ્રાવેલ્સ જેનો AR-06-B-4200 માં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે.જે બાતમીના આધારે ટાઉન પોલીસ મથકના પીએસઆઈ જે.બી. ઝાલા તથા પીએસઆઈ વી.આર. દામા અને સ્ટાફની અલગ-અલગ ટીમોએ ચંદ્રાપુરા ચોકડી પાસે વોચ ગોઠવી હતી.બાતમી વાળી ટ્રાવેલ્સ આવતા તેને રોકી તપાસ કરતા અંદરથી પાર્સલના સ્વરૂપમાં છુપાવેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે કબ્જે કરેલ મુદ્દામાલ.વિદેશી વ્હિસ્કીની બોટલો:૧૦૮ નંગ જેની કિંમત રૂ. 1,18,800/-)બિયરના ટીન:336 નંગ જેની કિંમત રૂ. 73,920/-) તથા લક્ઝરી ટ્રાવેલ્સ:કિંમત રૂ.20 લાખ અને મોબાઈલ અને રોકડ:રૂ. 16,200/-કુલ મુદ્દામાલ: રૂ. 22,08,920/-ના મુદ્દામાલ સાથે પોલીસે દીપકકુમાર નરેશભાઈ જોષી રહે. જોખાગામ, તા. કામરેજ, જિ. સુરત) ની અટકાયત કરી છે.અને આ દારૂનો જથ્થો કોણે આપ્યો હતો અને કોણે મંગાવ્યો હતો, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હાલમાં દારૂ આપનાર અને મંગાવનાર બંને શખ્સોને પોલીસે વોન્ટેડ જાહેર કરી હાલોલ ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફાઈનાન્સ કંપનીમાંથી વાહનની લોન લઇ હપ્તા ન ભરતા ગુનો નોંધાયો હતો

ચેક રિટર્ન કેસમાં સેવાલિયાના ઈસમને એક વર્ષની સજા અને વળતર ચૂકવવા હાલોલ કોર્ટનો આદેશ

આરોપીએ ફાઇનાન્સ કંપની સાથે વાતચીત કરી રૂ ૭,૫૦,૦૦૦/ માં વાહન નુ ખાતું સેટલ કરાવવાનુ નક્કી કર્યું હતું

(પ્રતિનિધિ) કાલોલ, તા.20

કાલોલ મોગલવાડા ખાતે રહેતા મહેબૂબભાઈ અબ્બાસભાઈ મલેકે શ્રી રામ ફાઈનાન્સમાંથી વાહન ખરીદેલ જે વાહન ફાઈનાન્સ મા ચાલતી લોન અને તેના હપ્તા ભરવાની શરતે વેચાણ કરાર કરી સેવાલિયા ખાતે રહેતા મોહસીનખાન ખુશાલખાન પઠાણને આપેલ આરોપી મોહસીનખાન પઠાણ વાહનમાંથી કમાણી કરતા હતા પરંતુ સમયસર હપ્તા ભરતા ન હતા અને વાહન કબાડીમા વેચી દીધેલ તેથી ફાઈનાન્સ કંપનીએ ફરિયાદી મહેબૂબભાઈ અબ્બાસભાઈ મલેક ઉપર ૮ લાખનો કેસ કર્યો હતો જે બાબતે આરોપી સાથે વાતચીત કરતા આરોપીએ ફાઈનાન્સ કંપની સાથે વાતચીત કરી રૂ ૭,૫૦,૦૦૦/ માં વાહન નુ ખાતું સેટલ કરાવવાનુ નક્કી કર્યું હતું અને તે પેટે આરોપીએ ફરિયાદીને રૂ ૩,૭૫,૦૦૦/ ના બે ચેક આપ્યા હતા જે બન્ને ચેક રીટર્ન થયા બાદ નોટિસ આપી હાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ સમક્ષ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી ફરિયાદી તરફે એડવોકેટ એ એસ દિવાન હાજર રહ્યા હતા અને દલીલો કરી હતી. ફરિયાદી અને આરોપી વચ્ચે તા ૩૦/૧૨/૧૮ ના રોજ વેચાણ કરાર થયો છે જેથી પૈસા ભરવાની જવાબદારી પણ આરોપીની નક્કી થયેલ છે. આરોપીએ ફાઈનાન્સ કંપની એ ફરિયાદી ઉપરનો કેસ વિડ્રો કરેલ છે જેથી પોતાની કોઈ જવાબદારી નથી તેમજ કરાર અને ચેકમાં પોતાનું મોસીમ નામ બતાવેલ છે તેવો બચાવ લીધો હતો પણ તેનો કોઈ નક્કર પુરાવો રજૂ કર્યો નથી.

બાઇકને આડે આવેલી વાછરડીનુ મોત

પાવાગઢ વડાતળાવ નજીક બાઈક અકસ્માત: ચાલક ગંભીર

(પ્રતિનિધિ) હાલોલ, તા.15

હાલોલ પાવાગઢ બાયપાસ રોડ પર વડાતળાવ નજીક આજે એક અકસ્માત સર્જાતા એક બાઈક ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો, જ્યારે ગાયની વાછરડીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મળતી માહિતી અનુસાર, પરમાર પ્રમોદકુમાર વડોદરા રોડ પર આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા જે ગામમાં પ્રસંગ હોવાથી ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન હાલોલ તરફથી પૂરઝડપે આવી રહેલો બાઈક ચાલક અચાનક માર્ગ પર આવેલી ગાયની વાછરડી સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે વાછરડીનું ઘટનાસ્થળે

જ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક ચાલકને માથાના ભાગે તેમજ હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બનતા જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને માનવતા દર્શાવી તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્તને તરત જ હાલોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલોલ સરકારી હોસ્પિટલ ખાતે બાઈક ચાલકને પ્રાથમિક સારવાર આપવામાં આવી.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી-2026 અંતર્ગત જાહેરનામું

મતદાનના દિવસે શ્રમયોગીઓને સવેતન રજા આપવાની રહેશે

શ્રમયોગીઓને મત આપવા માટે રજા આપવામાં ના આવે તો હેલ્પ લાઇન નંબર ૦૨૬૭૨-૨૪૧૮૭૦ ઉપર સંપર્ક કરવો

(પ્રતિનિધિ) ગોધરા, તા.20

પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ નગરપાલિકા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત વિભાગની ચૂંટણી માટે મતદાન તારીખ 26 એપ્રિલ 2026 રવિવારનો રોજ થનાર છે. જે અન્વયે મતદાનનાં દિવસે જે તે વિસ્તારમાં કારખાના ધારા - ૧૯૪૮ હેઠળનાં નોંધાયેલા કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ-૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પર કામ કરતાં શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ ૧૩૫ (બી) મુજબ આવા કારખાના ધારા-૧૯૪૮ હેઠળના કારખાનાનાં શ્રમયોગીઓ તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ અન્વયે નોંધણી થયેલ સંસ્થાઓ/સાઈટના કામ કરતાં શ્રમયોગીઓને સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઇ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓનાં પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં, રજાનાં કારણે જો શ્રમયોગી / કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યકિત રજા જાહેર ન થઇ હોય અને જે પગાર મળવાપાત્ર હોય તેટલો પગાર ચુકવવાનો રેહશે. જે મતદારની ગેરહાજરીથી જોખમ ઉભુ થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણ થી ચાર કલાક મતદાન માટે સંવેતન રજા આપવાની રહેશે.

અમદાવાદ ઈન્દોર હાઈવે ઉપર આવેલ દાહોદ તાલુકામાં ભીટોડી ગામ પાસેનો બનાવ

પાવાગઢથી દર્શન કરી પરત ફરતા અકસ્માત નડ્યો, કાર-કન્ટેનર અથડાતા 3 બાળકીના મોત

અકસ્માતમાં અન્ય ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

પાવાગઢ ખાતે માતાજીના દર્શન કરી મધ્યપ્રદેશ પરત ફરી રહેલ પરિવારને દાહોદના ભીટોડી ગામે અકસ્માત. હાઈવે લાઈન પર ગમખ્વાર અકસ્માત થયો હતો. રોડની સાઈડ મા ઉભેલા કન્ટેનરની પાછળ કઈ રીતે કાર પાછળથી અથડાતા કાર ના ફુરચેફુરચા ઉડી ગયા હતા. કાર મા સવાર ત્રણ બાળકી પ્રિયંસી ,સૃષ્ટિ ,મોહિની આ ભયાનક ટક્કરમાં કારમાં સવાર ત્રણ માસુમ બાળકીઓના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જેને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી છવાઈ ગઈ હતી. આ અકસ્માતમાં અન્ય 9 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેને તાત્કાલિક સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અકસ્માતમાં મૃત્યુ પામેલી ત્રણેય માસુમ બાળકીઓના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ માટે લઈ જવાયા છે. અકસ્માત એટલો જોરદાર હતો કે કારના ફુરચેફુરચા ઉડી ગયા હતા હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સુત્રોનું પ્રાથમિક તપાસ અનુસાર જાણવાં મળ્યું કે, મધ્યપ્રદેશના કેદાવડ ગામમાંથી તડવી ફળિયામાં રહેતા રાકેશ ભાઈ ટોળિયા ભાઈ ભાભોર પોતાના પરિવાર સાથે પોતાના ગામના અને પોતાના પરિવારના સભ્યો એમ.પી.09.ડીસી 1620 ટાટા મોટર્સની કાર ભાડે પાવાગઢ માતાજીના દર્શન કરવા ગયા હતા, અને માતાજીના દર્શન કરી પરત વતન જવા નીકળા હતા, તે દરમિયાન કાર ચાલક ભીટોડી તાલુકાના ભીટોડી ગામે ભીટોડી ગ્રામ પંચાયત પાસે પાસે રોડની સાઈડ મા ઉભેલ જીજે 16 એ. વાય 1939 રજી નંબરના કન્ટેનરની પાછળ ધડાકાભેર. અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર ત્રણ માસુમ બાળકીઓને ગંભીર ઈજાઓ થતા તે ત્રણે માસુમ બાળકીના ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય 9જણા વધુ જખ્મીએ થયા હતા નવ જણને કન્ટેનરથી ઈજાઓ થઈ હતી. ઘટના અંગેની જાણ થતા જ અકસ્માતના સ્થળે તૈયારીમા પોલીસની ટીમ સાથે દોડી આવી હતી. અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણાવવામા આવતા તાત્કાલિક સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જ્યારે મોતને ભેટેલી ત્રણે માસુમ બાળકીઓની પી.એમ. માટે દાહોદ સિવિલમાં ખસેડવામાં આવી હતી.

સુખસર તાલુકાના ઘાણીખુટ ગામનુ ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ) સુખસર,તા.20

સુખસર તાલુકાના ઘાણીખૂંટ ગામની કલારા પરિવારની દીકરી મેઘા બેન કાંતિભાઈ કલારાએ M.B.B.S.ની ડિગ્રી સફળતાપૂર્વક પૂર્ણ કરી ગામની પ્રથમ M.B.B.S.

ડોક્ટર બનવાનું ગૌરવ મેળવ્યું છે. કાન્તિભાઈ કલારા અને સોમીબેન કલારાની દીકરીએ પોતાના સંકલ્પ, મહેનત અને આત્મવિશ્વાસના બળ ઉપર આ ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. મેઘાની આ ઉપલબ્ધિથી કલારા પરિવાર ઘાણીખૂંટ ગામ સુખસર તાલુકા સહિત સમગ્ર આદિવાસી સમાજમાં ગૌરવ અને આનંદની લાગણી છવાઈ ગઈ છે.

GNFSU હાલોલ ખાતે અખાત્રીજના અવસરે વિશેષ કાર્યક્રમ યોજાયો

યુનિવર્સિટીની પવિત્ર ભૂમિ ખાતે ખેતી ઓજારો અને ગાયની પૂજા કરી હતી

(પ્રતિનિધિ) ગોધરા, તા.20

અખાત્રીજના પાવન દિવસે પરંપરા અને ખેડૂત દિવસનો સંગમ હોવાથી GNFSU હાલોલ ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર અખાત્રીજ જેને આપણે અક્ષય તૃતીયા તરીકે પણ ઓળખવામાં આવે છે તે ભારતીય કૃષિ પરંપરામાં અતિ મહત્વનો તહેવાર હોવાથી પ્રાચીન સમયથી આ દિવસને અતિ મહત્વનો અક્ષયફળ આપનાર દિવસ માનવામાં આવે છે

ખેડૂતો માટે આ દિવસ નવા વર્ષની ખેતીની શરૂઆત, બીજ વાવણી અને જમીન સાથેના આધ્યાત્મિક જોડાણનો દિવસ માનવામાં આવે છે માન્યતા અને આસ્થા મુજબ આ દિવસે કરવામાં આવેલ સારા કાર્યો અક્ષયફળ આપે છે તેથી ખેતી સાથે જોડાયેલા તમામ કુદરતી સંસાધનોની

પૂજા કરવામાં આવે છે ખેડૂત માટે અખાત્રીજનું માનસિક મહત્વ ખૂબ જ ઊંડું છે કૃષિ જીવનમાં આ દિવસે ખેડૂતો પ્રકૃતિ સાથેના સંબંધો મજબૂત બનાવે છે તેથી તારીખ 19 4 2026 રવિવારના રોજ જીએનએફએસયુ હાલોલ ગુજરાત ખાતે અખાત્રીજના અવસર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડો. સી કે ટીંબડીયા એ પ્રગતિશીલ ખેડૂતોના હસ્તે અને તેમની સાથે રહી યુનિવર્સિટીની પવિત્ર ભૂમિ ખાતે ખેતી ઓજારો અને યુનિવર્સિટીમાં વાસ કરતી ગાયની પૂજા કરી હતી. આ કાર્યક્રમમાં ડો. જીડી વડોદરિયા સાથે તમામ ડોક્ટરો હાજર રહ્યા હતા.